Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.
NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"

# CWDC Activities 2025-26

| Sr. No. | Activity | Date | Time | Remarks |
|---|---|---|---|---|
| 1 | મ્હેંદી સ્પર્ધા | 20/08/2025 | 11:00 AM | 09 વિદ્યાર્થીનીઓ |
| 2 | રંગોળી સ્પર્ધા | 20/08/2025 | 11:00 AM | 06 વિદ્યાર્થીનીઓ |
| 3 | પોસ્ટર મેકીંગ સ્પર્ધા ( Environmental Awarness) | 20/08/2025 | 11:00 AM | 06 વિદ્યાર્થીનીઓ |
| 4 | આરતી સુશોભન સ્પર્ધા | 25/09/2025 | 11:00 AM | 11 વિદ્યાર્થીનીઓ |
| 5 | Breast Cancer Awarness | 01/01/2026 | 11:00 AM | 165 વિદ્યાર્થીનીઓ |
| 6 | Sexual Awareness and Rape Law Awareness Programme( POCSO Act ) | 14/02/2026 | 11:00 AM | 150 વિદ્યાર્થીનીઓ |

**Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**
**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"**

## ' મ્હેંદી સ્પર્ધા ', ' રંગોળી સ્પર્ધા ' અને ' પોસ્ટર મેકીંગ સ્પર્ધા '

તા. 20/08/2025

ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્ર સંચાલિત “ભવન્સ ઈશ્વરલાલ એલ. પી. આર્ટસ , સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજ” માં CWDC અને સપ્તધારા અંતર્ગત રંગકલા-કૌશલ્ય નિમિત્તે ' મ્હેંદી સ્પર્ધા ', ' રંગોળી સ્પર્ધા ' અને ' પોસ્ટર મેકીંગ સ્પર્ધા ' નું આયોજન કરવામાં આવ્યું. ભારતીય વિદ્યાભવન ડાકોર કેન્દ્રના સેક્ટરી આદરણીય શ્રીમતી નિકિતાબેન ગાંધી મેડમે આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી વિધાર્થીનીઓને પ્રોત્સાહિત કર્યા અને અભિનંદન પાઠવ્યા. રંગકલા કૌશલ ધારાના સંયોજક ડો. બી. કે. પટેલ મેડમે વિધાર્થીનીઓને આ પ્રસંગે પ્રોત્સાહિત કર્યા હતા. સંસ્થાના ઇન્ચાર્જ આચાર્ય શ્રી ડૉ. ટી. આર. ત્રિવેદી, આર્ટ્સ વિભાગના સંયોજક ડૉ. એ. કે. ચૌધરી સાહેબ, IQAC સંયોજક ડૉ. એસ. એ. ગાંધી તથા સપ્તધારાના સંયોજક ડૉ. આર. બી. વાઘેલા સાહેબે વિદ્યાર્થીઓને આવા કૌશલ્ય વિકાસ અંગે પ્રેરિત કર્યા હતા. આ સ્પર્ધામાં વિધાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સંસ્થાના તમામ અધ્યાપકશ્રીઓ અને વિદ્યાર્થીઓ પણ આ કાર્યક્રમમાં જોડાયા હતા.







# આરતી સુશોભન – સ્પર્ધા

**તા. ૨૫/૦૯/૨૦૨૬**

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો અને કળાનું અનોખું મહત્વ રહેલું છે. આ પરંપરાને જાળવી રાખવા અને વિદ્યાર્થિનીઓમાં રહેલી સર્જનાત્મક શક્તિને પ્રોત્સાહન આપવાના હેતુસર, ડાકોર સ્થિત **ભવન્સ ઈશ્વરલાલ એલ. પી. આર્ટસ , સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજ**માં તારીખ **૨૫ સપ્ટેમ્બર ૨૦૨૫** ના રોજ **સવારે ૧૧:૦૦ કલાકે 'આરતી સુશોભન સ્પર્ધા'**નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કોલેજની કુલ ૧૧ વિધાર્થીનીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આગામી નવરાત્રી પર્વના ઉલ્લાસને ધ્યાનમાં રાખીને યોજાયેલી આ સ્પર્ધામાં સ્પર્ધકોએ પોતાની કલાસુઝ અને કલ્પનાશક્તિનો ઉપયોગ કરી આરતીની થાળીઓને અદભુત રીતે શણગારી હતી. વિધાર્થીનીઓએ સુશોભન માટે કુમકુમ, અક્ષત (ચોખા), અબીલ-ગુલાલ, વિવિધ પ્રકારના રંગબેરંગી ફૂલો, આભલા, મોતી, અને દીવડાઓનો ઉપયોગ કર્યો હતો. દરેક સ્પર્ધકની કૃતિમાં મૌલિકતા અને ભક્તિભાવ જોવા મળ્યો હતો. ૧૧ વિધાર્થીનીઓ દ્વારા તૈયાર કરવામાં આવેલી વિવિધ ડિઝાઇનની આરતીઓથી કોલેજનું વાતાવરણ અત્યંત ભક્તિમય અને સોહામણું બની ગયું હતું.

સ્પર્ધા દરમિયાન કોલેજના આચાર્યશ્રી (Principal) ડૉ. ટી. આર. ત્રિવેદી , CWDC ના કન્વીનર ડો. બી. કે. પટેલ મેડમ અને અધ્યાપકગણે હાજર રહીને વિધાર્થીનીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. નિર્ણાયકો દ્વારા કલાત્મકતા, સ્વચ્છતા અને રજૂઆતના આધારે મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું. શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર વિજેતાઓને ઇનામ આપી બિરદાવવામાં આવ્યા હતા.આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય વિદ્યાર્થિનીઓને તેમની કળા પ્રદર્શિત કરવા માટે એક મંચ પૂરો પાડવાનો હતો. અંતે આભારવિધિ સાથે આ સુંદર કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.






| | |
|---|---|
| | **Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**<br>**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"** |

# Breast Cancer Awarness

**તા 18/12/2024**

વર્તમાન સમયમાં મહિલાઓના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃતિ લાવવી અત્યંત આવશ્યક છે. આ હેતુને ધ્યાનમાં રાખીને ડાકોર સ્થિત **ભવન્સ ઈશ્વરલાલ એલ. પી. આર્ટસ, સાયન્સ એન્ડ જે. શાહ કોમર્સ કોલેજ**માં **CWDC** (Collegiate Women's Development Committee) ના ઉપક્રમે તારીખ **૦૧/૦૧/૨૦૨૬** ને ગુરુવારના રોજ સવારે **૧૧:૦૦ કલાકે** 'બ્રેસ્ટ કેન્સર અવેરનેસ' (સ્તન કેન્સર જાગૃતિ) વિષય પર એક વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે **શ્રીમતી ગીતાબેન મકવાણા** ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે ખૂબ જ સરળ ભાષામાં વિધાર્થીનીઓને બ્રેસ્ટ કેન્સરના કારણો, તેના પ્રારંભિક લક્ષણો અને તેના નિદાન વિશે ઊંડાણપૂર્વક સમજણ આપી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે સમયસર તપાસ અને જાગૃતિ જ આ ગંભીર બીમારીથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે. આ ઉપરાંત, તેમણે સ્વ-તપાસ (Self-examination) કેવી રીતે કરવી તે અંગે પણ મહત્વપૂર્ણ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

આ વ્યાખ્યાનમાં કોલેજની કુલ **૧૬૫ વિધાર્થીનીઓએ** હાજરી આપી હતી અને સ્વાસ્થ્યલક્ષી જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. વિદ્યાર્થિનીઓએ વક્તા સાથે પ્રશ્નોત્તરી કરીને પોતાની મૂંઝવણોનું નિરાકરણ પણ મેળવ્યું હતું.

કાર્યક્રમમાં કોલેજના આચાર્યશ્રી ડૉ. ટી. આર. ત્રિવેદી , આર્ટ્સ વિભાગના સંયોજક ડૉ. એ. કે. ચૌધરી સાહેબ અને CWDC ના કન્વીનર ડો. બી. કે. પટેલ મેડમ તેમજ અન્ય મહિલા અધ્યાપકો પણ ઉપસ્થિત રહ્યા હતા. અંતમાં આભારવિધિ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો. આ વ્યાખ્યાન વિદ્યાર્થિનીઓ માટે ખૂબ જ માહિતીપ્રદ અને ઉપયોગી સાબિત થયું હતું.






**Bharatiya Vidya Bhavan's Shri Ishavrlal L. P. Arts Science & J. Shah Commerce College, Dakor – 388225.**
**NAAC Re-accredited "B++(2.85 CGPA)-3rd Cycle"**

# જાતીય જાગૃતિ અને બળાત્કાર કાયદા (POCSO Act) જાગૃતિ કાર્યક્રમ

તા. ૧૪/૦૨/૨૦૨૬

તા. ૧૪/૦૨/૨૦૨૬ ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે ભવન્સ કોલેજમાં વિદ્યાર્થિનીઓની સુરક્ષા અને કાયદાકીય જાગૃતિના હેતુથી 'જાતીય જાગૃતિ અને બળાત્કાર કાયદા (POCSO Act) જાગૃતિ કાર્યક્રમ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ક્રિમિનલ લોયર શ્રીમતી રશ્મિકા માયાવંશી ખાસ ઉપસ્થિત રહ્યા હતા, જેમણે હાજર રહેલી ૧૫૦ વિદ્યાર્થિનીઓને મહિલા સુરક્ષા, તેમના કાયદાકીય અધિકારો અને POCSO કાયદાની જોગવાઈઓ અંગે અત્યંત ઉપયોગી અને સચોટ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.










